પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૧૧૧ | ૧ જુલાઈ, ૨૦૧૯, સોમવાર; જયેષ્ઠ વદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# જળ સંરક્ષણને જનઆંદોલન બનાવો : મોદી

**જનશક્તિ અને સહકારથી સંકટનું સમાધાન શોધી શકાશે જળશક્તિ મંત્રાલય બનાવવા પાછળ ચોક્કસ હેતુ : વડાપ્રધાને પાણી બચાવવા નાગરિકોને ત્રણ અપીલ કરી, મન કી બાતમાં મોદીએ કટોકટીનો ઉલ્લેખ કરી કહ્યું લોકતંત્ર આપણો વારસો છે તેને સુરક્ષિત રાખવો જોઇએ : મોદી**



ન્યુ દિલ્હી,તા.૩૦

વડાપ્રધાન મોદીએ બીજા કાર્યકાળમાં પોતાની પહેલી ''મન કી બાત'' કાર્યક્રમમાં પાણી બચાવવા પર ખાસ ભાર આપ્યો. વડાપ્રધાને કહ્યું કે દેશનો એક મોટો ભાગ દર વર્ષે જળસંકટમાંથી પસાર થાય છે, તેનાથી બચવા માટે પાણીનો બચાવ કરવો જરુરી છે. વડાપ્રધાન મોદીએ કહ્યું, અમને વિશ્વાસ છે કે અમે જળશક્તિ વધારે સહયોગથી આ સંકટનું સમાધાન કરી લઈશું. નવી જળશક્તિ મંત્રાલય બનાવ્યું છે. તેમાં કોઈ પણ સંકટ માટે તત્કાળ નિર્ણય કરવામાં આવી શકે છે. આ મહિને ૨૨ તારીખે હજારો પંચાયતોમાં તમામ લોકોએ પાણી બચાવવાનો સંકલ્પ કરે.''

આ દરમિયાન વડાપ્રધાન મોદીએ ઝારખંડના હજારી બાગના એક સરપંચનો સંદેશ પણ સંભળાવ્યો. સરપંચે કહ્યું કે મને વિશ્વાસ નથી થતો કે પાણી બચાવવા માટે વડાપ્રધાન મોદીએ મને પત્ર લખ્યો. વડાપ્રધાન મોદીએ કહ્યું કે બિરસા મુંડાની ધરતી, જ્યાં પ્રકૃતિ સાથે તાલમેલ બેસાડવો સંસ્કૃતિનો ભાગ છે, ત્યાં હવે જાગૃતિ શરુ થઈ ગઈ છે. મારી તરફથી તમામ સરપંચોને ઘણી-ઘણી શુભેચ્છાઓ. મોદીએ કહ્યું કે સ્વચ્છતા આંદોલનની જેમ લોકો હવે ગામોમાં જળમંદિર બનાવવા માટે હોડ લાગી છે. આ દરમિયાન મોદીએ પંજાબ, રાજસ્થાન, તેલંગાણા, તામિલનાડુ અને ઉત્તરાખંડમાં પાણી બચાવવાના ઉપાયની પણ ચર્ચા કરી.

આ દરમિયાન વડાપ્રધાને પાણી બચાવવા મામલે નાગરિકોને ત્રણ અપીલ કરી છે. પહેલી, સ્વચ્છતાની જેમ પાણી બચાવવાની બાબાતને પણ આંદોલનનું રૂપ આપે. બીજી, પાણી બચાવવાની દિશામાં મહત્વપૂર્ણ યોગદાન આપનારી

● અનુસંધાન પાન-૭ પર

## આજથી વિમ્બલ્ડન ટેનિસ ચેમ્પિયનશીપ આરંભાશે

**નોવાક જોકોવિક તાજ જાળવવા માટે સુસજ્જ : ફેડરર, નડાલ, જોકોવિક, એન્ડી મરે પર ટેનિસ પ્રેમીઓની નજર રહેશે : મહિલા વર્ગ પણ રોમાંચક સ્પર્ધાના એંધાણ**




લંડન, તા. ૩૦

જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી છે તે ટેનિસની સૌથી મોટી સ્પર્ધા વિમ્બલ્ડન ટેનિસ ચેમ્પિયનશીપની આવતીકાલથી રોમાંચક વાતાવરણમાં ઈંગ્લેન્ડના ઓલ ઈંગ્લેન્ડ ક્લબ ખાતે શરૂઆત થઈ રહી છે. આવતીકાલથી આની શરૂઆત થયા બાદ ૧૪મી જુલાઈ સુધી વિમ્બલ્ડન ટેનિસ ચેમ્પિયનશીપ ચાલશે. જોવાક જોકોવિક અને કાર્બર સિંગલ્સ સ્પર્ધામાં ક્રમશઃ પુરુષ અને મહિલા વર્ગમાં તાજ જાળવવાના ઈરાદા સાથે મેદાનમાં ઉતરશે. આ વખતે ફાઈનલ સેટમાં સ્ટાન્ડર્ડ ટાઈબ્રેક સાથે નવા ફીચર ઉમેરવામાં આવ્યા છે. મહિલા સિંગલ્સમાં પણ આ વખતે ૧૨૮ એન્ટ્રીમાંથી ૧૬ ક્વાલીફાયરનો સમાવેશ કરવામાં આવ્યો છે જે પૈકી જોરદાર તેજી જોવા મળી શકે છે. ૯૬ એન્ટ્રીમાંથી ૧૨ ક્વાલીફાયર્સની જગ્યાએ આ વખતે ૧૬ ક્વાલીફાયર્સ સામેલ કરવામાં આવ્યા છે. આ વખતે મિક્સ્ડ ડબલ્સમાં સેરેનાની જોડી એન્ડી મરે સાથે રહેશે. કેટલાક નવા પાસા ઉમેરવામાં આવ્યા છે તે મુજબ વરસાદ દરમિયાન પણ તકલીફ ન પડેતેવી વ્યવસ્થા કરવામાં આવી રહી છે.

# અમરનાથ યાત્રાનો વિધિવત પ્રારંભ

**અમરનાથ યાત્રીનો પ્રથમ જથ્થો વિધિવતરીતે રવાના કરાયો : અમરનાથ યાત્રાના બેઝકેમ્પ ભગવતીનગર જમ્મુમાં રાજયપાલના સલાહકારે લીલીઝંડી આપી : અમરનાથ યાત્રા ૪૬ દિન ચાલશે**



જમ્મુ, તા.૩૦

વાર્ષિક અમરનાથયાત્રા વિધિવતરીતે આવતીકાલથી શરૂ થઈ રહી છે જે ૪૬ દિવસ સુધી ચાલશે અને રક્ષાબંધનના દિવસે એટલે કે ૧૫મી ઓગસ્ટના દિવસે પૂર્ણ થશે. બાલતાલ માર્ગથી પહોંચનાર શ્રદ્ધાળુ પહેલી જુલાઈના દિવસે એટલે કે આવતીકાલે સૌથી પહેલા દર્શન કરી શકશે. જમ્મુથી સઘન સુરક્ષા વ્યવસ્થા વચ્ચે અમરનાથ યાત્રીઓનો પ્રથમ કાફલો આજે સવારે રવાના થયો હતો. જમ્મુ કાશ્મીરના રાજ્યપાલ સત્યપાલ મલિકના સલાહકાર કેકે શર્માએ અમરનાથ યાત્રાના પ્રથમ જથ્થાને લીલીઝંડી આપીને રવાના કર્યો હતો. અમરનાથ યાત્રાના પ્રથમ જથ્થાની સાથે દર્શન માટે શ્રદ્ધાળુઓ પહોંચવા લાગી ગયા છે. બાબા બર્ફાની પવિત્ર ગુફામાં આ વખતે પૂર્ણ આકારમાં બિરાજમાન થયા છે. પ્રથમ જથ્થાની સાથે સીઆરપીએફ અને પોલીસની ટુકડી પણ રવાના થઈ હતી. રવાના થયેલા શ્રદ્ધાળુઓમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. રાજ્ય માર્ગ પરિવહન નિગમની બસમાં સવાર થયેલા શ્રદ્ધાળુઓ ભોલેના જયકારા લગાવી રહ્યા

● અનુસંધાન પાન-૭ પર

## ન્યુઝ ટ્રેક

**દિલ્હીમાં વેકેશન લંબાયુ**

દિલ્હીમાં ગરમીનો કહેર જારી છે. અહીં ધો-૮ સુધીના વિદ્યાર્થીઓ માટે વેકેશન લંબાવી દેવાયું છે. જો કે ધો-૯ થી ૧૨ના શેડયુલમાં કોઈ બદલાવ કરવામાં આવ્યો નથી.

**કરતારપુર કોરીડોર મુદ્દે ફરીથી ચર્ચા થશે**

ભારતે પાકિસ્તાન સામે કરતારપુર કોરીડોર બાબતે ચર્ચા માટે નવી તારીખોની રજૂઆત કરી છે. વિદેશ મંત્રાલયના પ્રવકતા રવીશકુમારના જણાવ્યા મુજબ જુલાઈના બીજા સપ્તાહમાં વાતચીત શરુ થઈ શકે છે.

**સ્વીસબેંકમાં નાણાં રાખવા મુદ્દે ભારત ૭૪મા ક્રમે**

સ્વીસ બેંકોમાં પૈસા રાખવાના મામલે ઈંગ્લેન્ડ સૌથી આગળ છે. અહીંની બેંકોના રીપોર્ટ પ્રમાણે ૨૦૧૮માં કુલ જમા રકમનો ૨૬ ટકા ભાગ ઈંગ્લેન્ડના વેપારીઓનો હતો. ભારત આ મામલે ૭૪મા ક્રમે છે. ગત વર્ષે ભારતીયોએ કરેલી કુલ ડિપોઝીટમાં ૬ ટકાનો ઘટાડો નોંધાયો છે.

## ઉત્તર કોરિયામાં પહોંચનાર ટ્રમ્પ પ્રથમ અમેરિકી પ્રમુખ

**કોરિયાના દ્વીપને વિભાજિત કરનાર ક્ષેત્રમાં કિમને મળ્યા : કોંકરીટ માટે સરહદને પાર કરીને ઉત્તર કોરિયાના ક્ષેત્રમાં પહોંચ્યા**



પનમુનજોન, તા. ૩૦

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે આજે કોરિયન દ્વિપને વિભાજિત કરનાર બિન સૈન્યકૃત ક્ષેત્રમાં પહોંચીને ઉત્તર કોરિયાના પ્રમુખ કિમ જોંગ સાથે વાતચીત કરી હતી. ટ્રમ્પ અને કિમ જોંગ વચ્ચે ત્રીજી વખત આ વાતચીત યોજાઈ હતી જેમાં જુદા જુદા પાસાઓ ઉપર ચર્ચા થઈ હતી. બંનેએ મિડિયા કેમેરાની સામે એકબીજાની સામે ખુશખુશાલ રહીને હાથ મિલાવ્યા હતા અને ફોટો સેશન માટે પોઝ આપ્યા હતા. કિમ અને ટ્રમ્પની વચ્ચે આ ત્રીજી મુલાકાત રહી હતી. પરમાણુ નિસશસ્ત્રીકરણની દિશામાં આ મુલાકાત ખુબ મહત્વપૂર્ણ છે. આ પહેલા ટ્રમ્પ અને કિમની બીજી મુલાકાત હનોઈમાં થઈ હતી પરંતુ બેઠકના કોઈ પરિણામ મળ્યા ન હતા. ટ્રમ્પ અને કિમ વચ્ચે પ્રથમ બેઠક સિંગાપોરમાં યોજાઈ હતી. આ મુલાકાતથી પહેલા બંને નેતાઓએ એકબીજાને પત્ર મળ્યા હોવાના અહેવાલને સમર્થન આપ્યું હતું. અમેરિકી પ્રમુખ ખુલ્લીરીતે કહેતા આવ્યા છે કે, ઉત્તર કોરિયા વિવાદનો ઉકેલ લાવવાની તેમની પ્રાથમિકતા રહેલી છે. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઉત્તર કોરિયાની જમીન ઉપર પ્રથમ વખત પગ મુક્યો છે. પૂર્વ દુશ્મન દેશની જમીન ઉપર પહોંચનાર તેઓ પ્રથમ અમેરિકી પ્રમુખ બની ગયા છે. આ ઐતિહાસિક ક્ષણમાં ટ્રમ્પે બિનલશ્કરીકૃત ક્ષેત્રમાં ઉત્તર અને દક્ષિણ કોરિયાને વિભાજિત કરનાર કંકરીતની સરહદને પાર કરીને ઉત્તર કોરિયાના ક્ષેત્રમાં પગલું મુક્યું હતું. આ વાતચીત ઉપર દુનિયાની નજર કેન્દ્રિત રહી હતી. જો કે, ટ્રમ્પ અને કિમ વચ્ચે થયેલી વાતચીતને લઈને કોઈ નવી વિગત સપાટી ઉપર આવી શકી નથી. કિમ જોંગ અને ટ્રમ્પ વચ્ચેની વાતચીતમાં તમામ જટિલ વિષય પર ચર્ચા થઈ હોવાનું જાણવા મળ્યું છે. બે દુશ્મન દેશોની વાતચીત પર દુનિયાની નજર હતી.

## ઈટાલીના ૧૬ શહેરોમાં 'લૂ'નો કહેર

**ફ્રાંસમાં તાપમાનનો પારો ૪૫ ડિગ્રીને પાર**

બર્લિન,તા.૩૦

માત્ર ભારત જેવા ઉષ્ણકટિબંધીય દેશો જ નહી પણ યુરોપના દેશો પણ આ વખતે ગરમીનો માર ઝીલી રહ્યા છે.

આ વખતે ફ્રાંસ, જર્મની, ઈટાલી, સ્વિત્ઝરલેન્ડ જેવા યુરોપિયન દેશોમાં કાળઝાળ ગરમીએ એ હદે કેર વરતાવ્યો છે કે, લોકો ત્રાહીમામ પોકારી ગયા છે.

સ્પેનમાં ગરમીના કારણે ૧૦,૦૦૦ એકર જંગલ વિસ્તારમાં આગ લાગી છે. ગરમીના કારણે યુરોપમાં હજારો સ્કૂલ બંધ કરી દેવામાં આવી છે. કેટલાક દેશોમાં તાપમાન ૪૫ ડિગ્રી સુધી પહોંચી ગયું છે. ફ્રાંસમાં તો શુક્રવારે તાપમાને ૪૫.૯ ડિગ્રીનો નવો રેકોર્ડ બનાવ્યો હતો.

ફ્રેન્ચ મિડિયાના કહેવા પ્રમાણે ઉનાળામાં નોંધાયેલુ અત્યાર સુધીનુ આ સૌથી વધુ તાપમાન છે. એકલા ફ્રાન્સમાં જ ૪,૦૦૦ સ્કૂલો બંધ કરી દેવાઈ છે.

## કોંગ્રેસ રાષ્ટ્રીય પ્રમુખપદ માટે સુશીલકુમાર શિંદેનું નામ મોખરે

ન્યુ દિલ્હી,તા.૩૦

લોકસભાની ચૂંટણી બાદ કોંગ્રેસનુ અધ્યક્ષ પદ છોડવાનુ નક્કી કરી ચુકેલા રાહુલ ગાંધીની જગ્યાએ કોણ અધ્યક્ષ બનશે તેની ચર્ચાઓ ચાલી રહી છે ત્યારે એક અખબારે એવો અહેવાલ પ્રગટ કર્યો છે કે, નવા કોંગ્રેસ અધ્યક્ષ તરીકે મહારાષ્ટ્રના નેતા અને યૂપીએ સરકાર દરમિયાન ગૃહ મંત્રી રહી ચુકેલા સુશીલ કુમાર શિંદની નિમણૂંક કરાશે.

અખબારે દાવો કર્યો છે કે, ગાંધી પરિવારે જ શિંદેની પસંદગી કરી છે પણ તેની જાહેરાત થતા થોડો સમય લાગશે. કારણ કે, હાલમાં રાજીનામુ આપવા માટેનુ નાટક પાર્ટીમાં ચાલી રહ્યુ છે.

રાહુલ ગાંધીએ ચૂંટણીમાં હારની જવાબદારી સ્વીકારી કોઈ રાજીનામુ આપવા તૈયાર નથી તેવો બળાપો કાઢ્યા બાદ અત્યાર સુધીમાં ૧૪૦ નેતાઓ રાજીનામુ આપી ચુક્યા છે અને આ સિલસિલો લાંબો ચાલે તેમ લાગી રહ્યુ છે.

## નાણાં મંત્રાલય આજ પરોક્ષ વેરા પદ્ધતિમાં વધારે સુધારા જાહેર કરશે

ન્યુ દિલ્હી,તા.૩૦

ગૂડ્સ એન્ડ સર્વિસીસ ટેક્સ (જીએસટી) પદ્ધતિ દેશભરમાં લાગુ કરવામાં આવ્યાને બે વર્ષ પૂરા થઈ રહ્યા છે ત્યારે કેન્દ્રીય નાણાં મંત્રાલય આવતીકાલે આ પરોક્ષ વેરા પદ્ધતિમાં વધારે સુધારા જાહેર કરવાની છે.

સરકાર નવી રિટર્ન સિસ્ટમ પ્રસ્તુત કરવાની છે, કેશ લેજર સિસ્ટમને વ્યવહારુ બનાવશે અને સિંગલ રિફંડ-ડિસ્બર્સિંગ સિસ્ટમ લાગુ કરશે.

આ જાહેરાતો આવતીકાલે એક કાર્યક્રમમાં કરવામાં આવશે, જેમાં કેન્દ્રીય નાણાં અને કોર્પોરેટ અફેર્સ ખાતાના રાજયકક્ષાના પ્રધાન અનુરાગ ઠાકુર પ્રમુખપદ સંભાળશે અને એમાં મહત્ત્વનાં તેમજ સંબંધિત વિભાગોનાં સેક્રેટરીઓ તથા અધિકારીઓ હાજરી આપશે. જીએસટી વેરાપદ્ધતિ લાગુ કરાતાં ભારતીય

● અનુસંધાન પાન-૭ પર

## વન નેશન-વન રેશન ૩૦મી જૂન સુધીમાં અમલી બનશે

ન્યુ દિલ્હી,તા.૩૦

કેન્દ્ર સરકારે દેશમાં 'એક રાષ્ટ્ર, એક રેશનકાર્ડ' વ્યવસ્થા લાગૂ કરવા માટે રાજ્ય અને કેન્દ્ર શાસિત પ્રદેશોને ૩૦ જુન ૨૦૨૦ સુધી એક વર્ષનો સમયગાળો આપ્યો છે. આ વ્યવસ્થા હેઠળ કોઈ પણ લાભાર્થી દેશભરમાં ક્યાંયથી પણ સસ્તા ભાવે અનાજ ખરીદી શકે છે. ખાદ્ય મંત્રી રામવિલાસ પાસવાને કહ્યું કે, દસ રાજ્ય પહેલાંથી જ જાહેર વિતરણ પ્રણાલીના પાત્રતા મામલે પોર્ટેબિલિટી ઉપલબ્ધ કરાવી રહ્યાં છે. જેમાં આંધ્રપ્રદેશ, ગુજરાત, હરિયાણા, ઝારખંડ, કર્ણાટક, કેરળ, મહારાષ્ટ્ર, રાજસ્થાન, તેલંગણાં અને ત્રિપુરા સામેલ છે.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

**જોઈએ છે**

ગ્રામ સેવા મંદિર, નારદીપુરના શૈક્ષણિક સંકુલમાં માધ્યમિક અને પ્રાથમિક શાળાઓ માટે કો-ઓર્ડીનેટરની તાત્કાલિક જગ્યા ભરવાની છે. અંગ્રેજીમાં નિપુણ તથા પત્રવ્યવહાર કરી શકે તેવા અનુભવી - નિવૃત્ત શૈક્ષણિક કારકિર્દી ધરાવતા ઉમેદવાર આવકાર્ય છે.

—● રૂબરૂ મુલાકાત ●—
તારીખ : ૫/૭/૨૦૧૯, શુક્રવાર
સમય : બપોરે ૩.૩૦ થી ૫.૦૦
: સ્થળ :
ગાંધીનગર સમાચાર કાર્યાલય
૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર

Little Angels' School
(English Medium)
ADMISSIONS OPEN for
Play Group, Lower KG, Upper Kg, Std. I to VIII
Office Time
10 AM to 2 PM
Monday to Friday
Call 079 23245153

લીટલ એન્જલ્સ સ્કૂલ
(ઈંગ્લીશ મીડીયમ)
એડમીશન ચાલુ છે
પ્લે ગ્રુપ, લોઅર કે.જી. અપર કે.જી., ધો. ૧ થી ૮ સુધી
ઓફીસ ટાઈમ :
સવારે ૧૦ થી બપોરે ૨
સોમવાર થી શુક્રવાર સુધી
સંપર્ક : ૦૭૯-૨૩૨૪૫૧૫૩